**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૫ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં અંકિત ત્રિવેદી એન્ડ ગ્રુપ રાત્રે ૭.૩૦ કલાકે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● શિવશકિત મંદિર ચોક સે-૭-સી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે માતાજીની આરતી યોજાશે.

● નવરાત્રી સમિતિ સે-૩ ન્યુ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે આરતી તથા ૯ વાગે પ્રથમ મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા દ્વારા પારૂલ પટેલના ગરબા યોજાશે.

● મા મેલડી આંનદ ગરબા મંડળ સે-૩ના મધુબેન કે. કડીકર દ્વારા સવારે ૧૧ થી ૧ દરમિયાન કૃષ્ણ મંડળ તરફથી સે-૩-ડી રામેશ્વર મંદિરમાં આનંદનો ગરબો યોજાશે.

# શેરી ગરબામાં ખેલૈયાઓના જોમ-જુસ્સાથી નવરાત્રીનો પ્રારંભ





ગાંધીનગર, તા.૩૦

શહેરમાં નવરાત્રીના પહેલા દિવસે વરસાદી માહોલ વચ્ચે ગરબા યોજાશે કે નહી તેના અવઢવમાં શેરી ગરબા યોજાયા હતા. જેમાં ખેલૈયાઓ મનભરીને નાચ્યા હતા. શહેરના સેકટર-૫માં લોકગાયક વિજય સુંવાળા દ્વારા પ્રસ્તુત કરાયેલા ગરબામાં હકડેઠઠ ભીડ જામી હતી અને ખેલૈયાઓના જોમ-જુસ્સાને કારણે શહેરમાં નવરાત્રીનો શાનદાર પ્રારંભ થવા પામ્યો હતો.

નવરાત્રીના પ્રથમ દિવસે બપોરે વરસેલા વરસાદી ઝાપટાંને કારણે એવું પ્રતિત થતું હતું કે 'પ્રથમ ગ્રાસે જ મક્ષિકા' ની જેમ નવરાત્રીનો પ્રારંભ ફીકો પડી જશે પરંતુ શહેરના શેરી ગરબા પર જાણે વરસાદની કોઈ અસર થવા પામી નહોતી. શહેરમાં જુના નવા સેકટરોમાં વરસાદી પાણીથી ભીના ગ્રાઉન્ડમાં પણ ખેલૈયાઓ ગરબે ઘુમ્યા હતા તેમજ શહેરના નવા વિકસેલા ગુડા વિસ્તારોની સોસાયટીઓમાં પણ આરસીસી ફલોરીંગના પ્રતાપે શેરી ગરબામાં કોઈ રૂકાવટ જોવા મળી નહોતી. શહેરના સેકટર-૫માં વિવિધ સ્થળે શેરી ગરબા યોજાયા હતા. જેમા અંબાજી મંદિરે યોજાયેલા ગરબામાં જાણીતા લોકગાયક વિજય સુંવાળાના ગરબામાં માનવ મેદની ઉમટી હતી. અહીં યુવાનોએ મનમુકીને ગરબે રમી વરસાદી વિઘ્નને તેમના મિજાજથી પ્રત્યુત્તર પાઠવ્યો હતો. શહેરના અન્ય સેકટરોમાં પણ ગરબા યોજાયા હતા જેનો લાભ ગરબા પ્રેમીઓએ લીધો હતો.

## આજે અડાલજ ખાતે વિના મૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના અડાલજ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા. ૧લી ઓકટોબર મંગળવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ગાંધીનગર જનરલ હોસ્પિટલ જિલ્લા એનસીડી સેલ દ્વારા રાષ્ટ્રીય સ્વાસ્થય મિશન અંતર્ગત હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ગાંધીનગરની જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો હાડકાં, ચામડી, આંખ તથા દાંતની તપાસની નિઃશુલ્ક સેવા આપશે. આ સાથે કેમ્પમાં ડાયાબીટીશ તથા બ્લડપ્રેશરની સ્થળ પર જ વિના મૂલ્યે તપાસ કરવામાં આવશે અને જરૂર મુજબ દવાઓ પણ વિના મૂલ્યે પુરી પાડવામાં આવશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

નાની વયમાં હૃદયરોગના વધતા કિસ્સાઓને લીધે આ અંગે કેમ્પ યોજાયો હતો. જેમાં સ્વસ્થ હૃદય અને તેની કસરતો અંગે પ્રદર્શન પણ યોજાયું હતું. જેમાં ૩૦ વર્ષ



જનજાગૃતિ લાવવાના હેતુથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા સવારે ૮ થી ૧૦ દરમિયાન વિશ્વ હૃદય દિવસ નિમિત્તે મહિલા કોલેજ ખાતે હેલ્થચેક અપ સાથે બી.પી. તથા ડાયાબીટીશ તપાસ અને તેનાથી વધુ વર્ષના વ્યકિતઓની તપાસ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સ્ટેટ રેડક્રોસના મેડિકલ ઓફિસર અને નર્સિંગ કોલેજની ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી.

## સિવિલમાં અઠવાડિયામાં ડેન્ગ્યુના ૧૦૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા એક મહિનાથી ડેન્ગ્યુએ અજગરી ભરડો લીધો છે. ડેન્ગ્યુના દર્દીઓ વિવિધ વિસ્તારોમાં છુટાછવાયા જોવા મળી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના દર્દીઓમાં દિવસે ને દિવસે વધારો જોવા મળી રહ્યો છે ત્યારે શહેરની સિવિવ હોસ્પિટલમાં છેલ્લા સાત દિવસમાં ડેન્ગ્યુના ૧૦૦ થી પણ વધુ કેસ સામે આવ્યા છે. ડેન્ગ્યુના દર્દીઓ અને અન્ય વાઈરલ બિમારીના દર્દીઓને પગલે સિવિલ તંત્રએ અલાયદો ડિઝાસ્ટર વોર્ડ ઉભો કરવો પડ્યો છે. સિવિલ હાલના સમયે દર્દીઓથી છલકાઈ રહી છે. પથારીઓ કરતા પણ દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે. ડેન્ગ્યુના વધી રહેલા ચિંતાજનક કેસને પગલે આરોગ્ય તંત્ર પણ દોડતુ થઈ ગયું છે. સતત વાદળછાયા વાતવરણને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધતા વાઈરલ બિમારીઓ પણ વકરી રહી છે. જયારે નાના બાળકોમાં પણ ડેન્ગ્યુના લક્ષણો જોવા મળી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા ડેન્ગ્યુ અને વાઈરલ બિમારીથી બચવા માટે નાગરીકોને સાવચેતી રાખવા પણ જણાવ્યું છે.

આ વર્ષે મેઘરાજાની મહેર અત્યાર સુધી ચાલી રહી છે. ત્યારે ચોમાસાની સિઝનમાં ભરાતા પાણીના ખાબોચીયાને પગલે મચ્છરો વધી ગયા છે. ડેન્ગ્યુના દર્દીઓમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે ત્યારે નાગરીકોને ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે ખાસ તકેદારી રાખવા માટે પણ સુચના આપવામાં આવી છે. જયારે આ વર્ષે મેલેરીયા કે ટાઈફોઈડ કરતા પણ ડેન્ગ્યુના દર્દીઓ વધુ છે. શહેરના સેકટરો તેમજ ન્યુ ગાંધીનગરની સોસાયટીઓમાં ડેન્ગ્યુના દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે જયારે ડેન્ગ્યુને પગલે ખાનગી દવાખાનાં પણ સારી એવી ભીડ જોવા મળી રહી છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા સાત દિવસમાં ૧૦૦ થી વધુ દર્દીઓ ડેન્ગ્યુના નોંધાતા સારવાર આપવામાં આવી રહી છે. શહેરી વિસ્તાર અને જિલ્લામાં ડેન્ગ્યુનો રોગચાળો વકરે નહી તે માટે આરોગ્ય તંત્ર દ્વારા એન્ટીલારવા, ફોંગીગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. તો બીજી બાજુ ડોક્ટર્સ દ્વારા પણ બાળકોને આખી બાયના કપડા અને મચ્છરો ભગાડે તેવા ઉપકરણનો ઉપયોગ કરવા માટે તાકિદ કરી છે.

## શું શહેરમાં વાહનચોરી...નહીં અટકે..!

ગાંધીનગર શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના બનાવો બને છે. સિવિલ કેમ્પસ, સેકટર-૧૧ સહિતના સ્થળો વાહનચોરી માટે હોટ ફેવરીટ બન્યા છે. ચોર ટોળકી ખાનગી વાહનો તો ઠીક પણ સરકારી ટાટા સુમો પણ છોડતી નથી. ચોર ઈસમો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના સેકટર-૬ માંથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે. સેકટર-૬ બી પ્લોટ નં. ૫૪૧-૨ ખાતે રહેતા પ્રતિક ગુણવંતરાય પરમારે પોતાના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ગત તા. ૨૭ મી ના રોજ રાત્રીના સમયે પ્રતિકે પોતાનું નં.જી.જે.૧૮.સી.એફ.-૫૬૬૪ નંબરનું ડીસ્કવર બાઈક પાર્ક કર્યુ હતું. તેઓ સવારે સાડા છ વાગ્યાના અરસામાં ઉઠીને જોયુ તો પોતાનું બાઈક ગુમ હતું. તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા બાઈક મળી આવ્યું ન હતું. આખરે રૂ.૧૫,૦૦૦ ના બાઈકની ચોરી અંગે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● ડ્રીમગર્લ
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

● છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫

● સેકશન ૩૭૫
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫

● એબોમીનેબલ (અંગ્રેજી)
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● ડ્રીમગર્લ
૧૧.૦૦, ૧.૫૦, ૪.૪૦, ૭.૩૦, ૧૦.૨૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૧૦.૧૫

● પલ પલ દિલ કે પાસ
૪.૧૫

● છીછોરે
૧૦.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૯.૧૫, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● ડ્રીમગર્લ
૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૩૦, ૩.૦૫, ૪.૨૦, ૫.૫૫, ૭.૧૦, ૮.૪૫, ૧૦.૦૦

● છીછોરે
૧૦.૦૦, ૧૧.૧૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● પલ પલ દિલ કે પાસ
૧૨.૦૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૫.૦૫

## ચિરવિદાય

● સ્વ. દેસાઈ મહેશભાઈ લાલજીભાઈ, ઉ.વ. ૧૭
● સ્વ. પટેલ ધર્મિષ્ઠાબેન પ્રવિણભાઈ, ઉ.વ. ૪૭
● સ્વ. ઠાકોર ઉમેશભાઈ બાલાજી, ઉ.વ. ૨૯
● સ્વ. દંતાણી રઈબેન ચતુરભાઈ, ઉ.વ. ૬૫



સંસ્કાર ગ્રુપના ૧૬મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ગ્રુપ દ્વારા સરકારી શાળામાં સ્વચ્છતા અભિયાન વિશે માર્ગદર્શન કામગીરી, ગાંધી જન્મજયંતિ નિમિત્તે ઉજવણી તથા ચિત્ર, શ્લોક, વાર્તાલાપ, નિબંધ, પ્રશ્નોત્તરી જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી.




કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા લેકાવાડા ગામ સ્થિત હંસાબા ચંદનસિંહ રાજપૂત કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન તથા ૩૨મો સરસ્વતી સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, બળવંતસિંહ રાજપુત, લાલસિંહ વડોદિયા, ડૉ. સી.જે.ચાવડા સરપંચ અમરસિંહ વાઘેલા, પ્રમુખ રમજુભા જાડેજા અને અગ્રણીઓ સાથે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હેપ્પી યુથ કલબના 'ત્રિવેણી આરોગ્ય' કાર્યક્રમનો ૩૦૦થી વધુ નાગરિકોએ લાભ લીધો

**વાવોલના સિદ્ધનાથ મહાદેવ ખાતે વિના મુલ્યે 'સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ', 'સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ' અને 'હેપ્પી સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ' યોજાયાં : જરૂરિયાતમંદ વર્ગના ૫૦ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું**




ગાંધીનગર, તા.૩૦

હેપ્પી યુથ કલબ દ્વારા આજે સવારે વાવોલના સિદ્ધનાથ મહાદેવ ખાતે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ અને કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી 'ત્રિવેણી આરોગ્ય' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નિઃશુલ્ક 'સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ', 'સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ' અને 'હેપ્પી સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'ત્રિવેણી આરોગ્ય' કાર્યક્રમ દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા 'હેપ્પી શિક્ષા પ્રોજેકટ' અંતર્ગત જરૂરિયાતમંદ વર્ગના ૫૦ બાળકોને વિના મુલ્યે 'શૈક્ષણિક કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું.

સર્વ રોગ નિદાન કેમ્પમાં સેક્ટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા વિના મુલ્યે વિવિધ રોગોનું નિદાન-સારવારની સુવિધા પૂરી પાડવામાં આવી હતી જેમાં ૧૫૦ દર્દીઓએ લાભ લીધો હતો અને જરૂરિયાત મુજબ વિના મુલ્યે દવાઓ પણ આપવામાં આવી હતી. આ સાથે અત્યારે વરસાદી માહોલ બાદ ફેલાયેલા તાવ-શરદી અને ડેન્ગ્યુ-સ્વાઈન ફ્લૂ જેવા વાવરને પગલે વાવોલ તથા આસપાસના વિસ્તારના નાગરિકોની આરોગ્ય સલામતીના હેતુસર વિના મૂલ્યે 'સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ' કરવામાં આવ્યું હતું જેનો ૩૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત યુવાનોમાં સમાજ પ્રત્યે જવાબદારી અને સેવાની ભાવના ખીલે તેમજ કેન્સર અને થેલેસેમિયા જેવા ગંભીર રોગોની સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાના આશયથી ઈંડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા અંતર્ગત કલોલ શાખાના સહકારથી 'હેપ્પી સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૫ રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતું. રક્તદાતાઓને પ્રમાણપત્ર તેમજ શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. આ 'ત્રિવેણી આરોગ્ય' કાર્યક્રમ દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા 'હેપ્પી શિક્ષા પ્રોજેકટ' અંતર્ગત વાવોલની એમ.ડી.શાહ પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના ૫૦ બાળકોને વિના મુલ્યે 'શૈક્ષણિક કીટ'નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ નગીનભાઈ નાડિયા સહિત વાવોલ ગામના અને વાવોલ વિસ્તાર વિકાસ સમિતિના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




કેશવપાર્ક સોસાયટી વાવોલ ખાતે નાના બાળકો દ્વારા ગબ્બર બનાવી નવરાત્રીની પહેલી રાત્રે સોસાયટીના રહીશો દ્વારા મનભરીને ગરબા રમવામાં આવ્યા હતા.

# બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસનું નવું સોપાન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર માણસા હાઈવે પર કુદરતી વાતાવરણમાં વર્ષ ૨૦૧૯થી બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસ અભ્યાસકીય પ્રવૃત્તિઓથી સતત કાર્યશીલ છે. વર્ષ ૨૦૧૯માં આ કેમ્પસના દસ વર્ષ પુરા થયે તેમનું દશાબ્દિ વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે સ્થાપના વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૯ સુધીમાં અનેક નવા નવા સોપાનો સર કર્યા છે. ૨૦૧૫-૧૬માં કોમર્સ કોલેજ, સાયન્સ કોલેજ, ૨૦૧૬-૧૭માં નર્સિંગ, આયુર્વેદિક હોસ્પિટલ, ૨૦૧૮-૧૯માં એમએલટી કોર્ષ આવી રીતે દર વર્ષે શૈક્ષણિક અને વોકેશનલ કોર્ષ શરુ કરી સમાજને એક આધુનિક તથા સફળ શૈક્ષણિક સંકુલ પુરું પાડવાનો સતત પ્રયત્ન કરી રહ્યું છે.

કેમ્પસની આ ઉત્તરોત્તર પ્રગતિમાં 'ઉત્ક્રાંતિ-ટીસીસીઆઈ કેરિયર




એકેડેમી'ને કેમ્પસ શરુ કરવાની પરવાનગી આપી કેમ્પસના મેનેજમેન્ટે એક વધુ મોરપીંછ પ્રગતિના પંથમાં ઉમેર્યુ છે. ટીસીસીઆઈ કે જે ગાંધીનગરની પ્રથમ સરકારી નોકરી અંગેની ભરતી પ્રક્રિયાઓની પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા હતી કે જે અત્યંત નવીન હેતુઓ લઈ 'ઉત્ક્રાંતિ-ટી.સી.સી.આઈ. કેરિયર એકેડેમી'ના નામે ઓકટોબર ૨૦૧૯થી કેમ્પસમાં કાર્યરત થઈ છે.

આ કેરિયર એકેડેમીનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી નોકરી ઈચ્છતા ઉમેદવારોને એક નવીન તક અને સગવડતાઓ આપવાનો છે. આ એકેડેમીમાં ફાઉન્ડેશન કોર્ષ ૨૦૨૦, ૨૦૨૧ શરુ થવા જઈ રહ્યા છે જે ખૂબ જ નિષ્ણાંત અધ્યાપકો અને યોગ્ય ટ્રેનર દ્વારા વિદ્યાર્થીઓને સરકારી નોકરી મેળવવા માટેની કોઈ પણ પ્રકારની અઘરામાં અઘરી પરીક્ષા પાસ કરવામાં સજ્જ કરશે. આ ઉપરાંત કોર્ષમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોને દરરોજનું ૬ કલાકનું શિક્ષણ, કેમ્પસમાં હોસ્ટેલની, જમવાની, રમત ગમતના મેદાનની અને પરિક્ષાના તૈયારીના ભાગ રૂપે અપાતી નાની મોટી અનેક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.